ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫(ડી) તથા ૬૭(૩)
તળે આદેશાત્મક હુકમ નંબર....૪૧.....તારીખ.૦૬/૦૩/૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના પ્રમુખ / ઉપપ્રમુખની ચુંટણી કરવા મે. કલેકટર સાહેબ, આણંદના પત્ર નં. ખંભાત/પ્રમુખ/ઉપપ્રમુખ/ખાસ સામાન્ય બેઠક/વશી/૮૧૧ તારીખ.૦૬–૦૩–૨૦૨૧ થી તારીખ.૧૬–૦૩–૨૦૨૧ના રોજ બપોરના ૧૧–૦૦ કલાકે નગરપાલિકાના સભાગૃહમાં યોજવામાં આવેલ છે સદર ચુંટણી પ્રાંત અધિકારીશ્રી, ખંભાત ના અધ્યક્ષ સ્થાને યોજાનાર છે.

જેથી તેમાં બેઠક વ્યવસ્થા નવેસરથી ગોઠવવાની થાય છે અને તેના માટે કામચલાઉ સ્ટેજ તથા સંલગ્ન ફર્નીચરની વ્યવસ્થા કરવાની થાય છે. સદર સામાન્ય સભા દરમીયાન નીચેની વ્યવસ્થા ગોઠવવાની થાય છે. (૧) સ્ટેજ (૨) ટેબલ (૩) ખુરશી (૪) લાઈટ (૫) પંખા (૬) માઈક (૭) વડીયોગ્રાફી (૮) માસ્ક (૯) સેનેટાઈઝ માટેની બોટલ (૯) કલગી (૧૦) હાર (૧૧) અલ્પાહાર.

ચાલુ ટર્મની આ પ્રથમ સામાન્ય સભા હોઈ અને પ્રમુખ / ઉપપ્રમુખની ચુંટણી હોઈ સભામાં પત્રકારો, જેમાં હાલ કોરોના–૧૯ ની પરિસ્થિતિને ધ્યાને રાખીને ઉપરોકત બાબતે અગત્યના નગરજનો વિગેરે ઉપસ્થિત રહેનાર હોઈ જે ઉપસ્થિતીની સંખ્યા ને અનુલક્ષીને નગરપાલિકાના સભ્ય સહીત ૧૦૦ માણસોની બેઠક વ્યવસ્થા થાય છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૫(ડી) તથા ૬૭(૩) હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત તમામ વ્યવસ્થા કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે તથા સદર વ્યવસ્થાનો જે ખર્ચ કરવા તથા તેનું ચુકવણું કરવા ચીફ – ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ચીફ ઓફીસર
અને વહીવટી અધિકારી
ખંભાત નગરપાલિકા, ખંભાત